# હિસાબ નિયામકશ્રીની કચેરી

નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી

---

<u>તાત્કાલિક</u>

**<u>વિષય :</u> કચેરીઓને ફાળવેલ પોસ (POS) મશીન બંધ (Deactivate) કરવા બાબત...**

# પરિપત્ર

આ યુનિવર્સિટીનાં તમામ કચેરીનાં વડાશ્રીઓ તથા ઉપાડ અને ચુકવણા અધિકારીશ્રીઓને જણાવવાનું કે, આ યુનિવર્સિટીનાં NAU e-Uday Fund A/c સાથે લીંક કરીને દરેક કચેરીઓને **(POS)** મશીન ફાળવવામાં આવેલ છે, હવે આવા મશીનો જે તે કચેરીનાં ખાતા સાથે લીંક કરવાના હોવાથી હાલમાં વપરાશ હેઠળનાં પોસ મશીન તા. ૦૩/૦૬/૨૦૧૭ થી **બંધ (Deactivate)** કરવામાં આવશે, જેથી હવે પછી નવા **(POS)** મશીન ફાળવવામાં આવે ત્યાં સુધી કોઈ પણ પ્રકારની **(POS)** મશીન દ્વારા આવક સ્વિકારવી નહી.

વધુમાં જણાવવાનું કે, દરેક કચેરી હસ્તકનાં બેન્ક ખાતા જે હાલમાં બચત ખાતા તરીકે કાર્યરત છે, તે બંધ કરીને કરંટ ખાતા ખોલાવવાના હોવાથી, કરંટ ખાતા ખોલાવવાની અત્રેથી મંજુરી આપવામાં આવે છે, તો સદરહું કાર્યવાહી જે તે બેન્કના મેનેજરના સંપર્કમાં રહી, બચત ખાતા બંધ કરીને નવા કરંટ ખાતા તાત્કાલિક ખોલાવવાની કાર્યવાહી કરવા જણાવવામાં આવે છે. જેથી કરંટ ખાતા સાથે નવા **(POS)** મશીન લીંક કરી આવક સ્વિકારી શકાય. કરંટ ખાતા માટે મીનીમમ બેલેન્સ રૂા. ૧૦,૦૦૦/– રાખવાનું હોવાથી બચત ખાતામાં ફાળવેલ રૂા. ૧,૦૦૦/– બાદ કરી બાકી રહેતાં રૂા. ૯,૦૦૦/– અત્રેથી વહીવટી–વ–હિસાબી અધિકારીશ્રીની કચેરીમાંથી ચેક દ્વારા મેળવી બેન્કમાં કરંટ ખાતાનાં મીનીમમ બેલેન્સ તરીકે જમા રાખવાના રહેશે.

**હિસાબ નિયામક**

જા.ન. નકૃયુ/કોમ્પ્ટ/કંન્ટ્રોલ/ ૩૮૦૪ /૨૦૧૭
તા. ૦૨/૦૬/૨૦૧૭

**નકલ સવિનય રવાના :**

૧) આ યુનિવર્સિટીનાં તમામ નાણાં ઉપાડ અને ચુકવણા અધિકારીશ્રીઓ તરફ અમલ થવા સારૂ.
૨) વહીવટી–વ–હિસાબી અધિકારીશ્રી, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી તરફ જાણ સારૂ.